પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫ | ૬ એપ્રિલ, ૨૦૧૯, શનિવાર; ચૈત્ર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગુર્જર અનામતમાં દખલગીરી કરવાનો સુપ્રિમનો ઈન્કાર

## સુપ્રિમના ચુકાદાથી રાજસ્થાન સરકારને રાહત : ગુર્જર-અન્ય ચાર સમુદાયને નોકરી, શૈક્ષણિક સંસ્થાઓને ૫ ટકા ક્વોટા આપવા સરકાર દ્વારા નિર્ણય કરાયો હતો

નવી દિલ્હી, તા. ૫

સુપ્રિમ કોર્ટે આજે ગુર્જરો અને અન્ય ચાર સમુદાય માટે પાંચ ટકા ક્વોટાને અમલી કરવાના રાજસ્થાન સરકારના નિર્ણય પર સ્ટે મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. આની સાથે જ રાજસ્થાન સરકારને આંશિક રાહત થઈ હતી. આ અંગે રાજસ્થાનમાં વરિષ્ઠ કોંગ્રેસી નેતા સચિન પાયલોટે હકારાત્મક પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે સુપ્રિમ કોર્ટના નિર્ણયનું તેઓ સ્વાગત કરે છે. સીજેઆઈ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેચે આ મુદ્દામાં દરમિયાનગીરી કરવાનો ઈનકાર કર્યો હતો. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં રાજ્ય સરકારે ગુર્જર અને અન્ય ચાર સમુદાયને નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં પાંચ ટકા ક્વોટા આપવા વિધાનસભામાં રજુ કરવામાં આવેલા બિલને લઈને આ મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો હતો. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં સરકારે વિધાનસભામાં બિલ રજુ કર્યું હતું. નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં પાંચ ટકા અનામત માટેની માંગણીને લઈને ગુર્જરો આંદોલન કરી રહ્યા હતા. ગુર્જર નેતા કિરોડીસિંહ અને તેમના સમર્થકો સવાઈમાધોપુર જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર


## શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા

મુખ્ય કચેરી : સરદાર ભવન, હાઈવે, ડીસા, ફોન : ૨૨૦૦૭૨, ૨૨૩૦૬૭

## જાહેરાત

આથી તમાકુનું ઉત્પાદન કરતા ખેડૂતો અને તેના ખરીદ - વેચાણ સાથે સંકળાયેલા વેપારીઓને જણાવવાનું કે, બજાર સમિતિ, ડીસા સંચાલિત મુખ્ય માર્કેટયાર્ડના તમાકુ બજારમાં તા. ૮/૪/૨૦૧૯ને સોમવારથી તમાકુના ખરીદ - વેચાણનું કામકાજ શરૂ કરવામાં આવનાર છે. કમિટીના કર્મચારીઓની સીધી દેખરેખ હેઠળ તમાકુની જાહેર હરાજી દ્વારા ખેડૂતોને પોતાના જથ્થાના પોષણક્ષમ ભાવ મળી રહેશે. તો તમાકુ ઉત્પાદીત ખેડૂતોને પોતાનો જથ્થો વેચાણ અર્થે લાવવા વિનંતી છે.

| અમૃતલાલ એન. જોષી | કરશનભાઈ એસ. પટેલ | માવજીભાઈ એમ. દેસાઈ |
|---|---|---|
| સેક્રેટરી | વાઈસ ચેરમેન | ચેરમેન |

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા







ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

શ્વેતબિન્દુ જ્યોતિષ રજી.નં.૪૩૩
ગોલ્ડમેડાલીસ્ટ મહાકાલી ઉપાસક, વર્ષોથી જુના અને જાણીતા ડી.જે.જોષી
A to Z સમસ્યાનો 3 દિવસમાં ઝડપી નિકાલ ૧૦૧% ગેરંટી
કલાકો મિનિટોમાં ફોનઉપર કોઈપણ કામ થતા નથી એવી લોભામણી જાહેરાતોથી સાવધાન
વગર સરનામા વાળા જ્યોતિષીઓથી સાવધાન એપોઈન્ટમેન્ટ લઈને મળો.
નિરાશ થયેલા ભાઈઓ બહેનો અવશ્ય મળો. M. 9712233233
પહેલા સંબંધ હતો હવે નથી ફરી સંબંધ જોડવા માટે મળો.
સંતાનપ્રાપ્તી, ધંધો, નોકરી, પ્રેમલગ્ન, છુટાછેડા, સ્ત્રીપુરૂષ વચ્ચે અણબનાવ, ગૃહક્લેશ, વેપારમાં લાભ, શત્રુનાશ, ધારેલી વ્યક્તિનું મિલન, લવપ્રોબ્લેમ ના સ્પેશ્યાલિસ્ટ. ગુપ્તધનના જાણકાર, દરેક જગ્યાએથી પૈસા બગાડેલા ખાસ મળો, દરેક વાત ખાનગી રહેશે.
જી-૧૧/૧૨૪ શિવમ એપાર્ટમેન્ટ ગેટ-૧, અખબારનગર, BRTS બસસ્ટેન્ડની સામે, ૧૩૨ ફુટ રીંગરોડ, નવાવાડજ, અમદાવાદ. સમય : ૯ થી ૮ ફી - રૂા.૫૧
9925812818 Ph: 27624017

